# ઊંઝામાં અર્બુદા ક્રેડીટ સોસાયટીને તાળાં લાગતાં લાખો રૂપિયા સલવાયા

ઊંઝા, તા. ૧૪

રાજસ્થાનના આબુપર્વત ખાતે હેડ ઓફિસ ધરાવતી અર્બુદા ક્રેડિટ કો.ઓપ. મલ્ટી સ્ટેટની ઊંઝા શહેરમાં આવેલ શાખાને તાળા લાગી જતાં શહેરના અસંખ્ય ગરીબ, શ્રમિક અને મધ્યમવર્ગના લોકોના લાખો રૂપિયા હાલ સલવાઈ જતા તેઓ મુશ્કેલીમાં મુકાયા છે.

દરમિયાન અર્બુદા ક્રેડિટ કો.ઓપ. સોસાયટી લી. મલ્ટીસ્ટેટ ઊંઝા શાખાના મેનેજરે ઊંઝા શાખા દ્વારા મેચ્યુરીટી રકમ ન ચૂકવી આપવા બાબતે સ્થાનિક પોલીસ મથકે લેખિત ફરિયાદ આપી છે.

જેમાં જણાવ્યું છે કે, અમો ઠાકુર ભગતસિંહ અવધનારાયણસિંહ ઊંઝા શાખામાં મેનેજર તરીકે ફરજ બજાવીએ છીએ. અર્બુદા ક્રેડિટ સોસા. લી. મલ્ટીસ્ટેટ શાખા નિયમો પ્રમાણે શાખામાં જમા થયેલ રકમ આબુપર્વતની મુખ્ય શાખામાં વખતોવખત જમા કરાવવામાં આવતી હોય છે. આ ક્રેડિટ સોસાયટીના ચેરમેન શ્રીમતી આશાબેન રાકેશકુમાર અગ્રવાલ, મેનેજીંગ ડિરેક્ટર રાકેશકુમાર દેવેન્દ્રકુમાર અગ્રવાલ, નિશાબેન રાકેશકુમાર અગ્રવાલ, મહેરસિંહ પ્રબલસિંહ ઠાકુર બધા રહે. ગોરાછાપરા (આબુપર્વત)ના ઓ દ્વારા બ્રાન્ચની ડિપોઝિટ વધારવા માટે અમોને મીટીંગોમાં પ્રોત્સાહન આપતા હતા અને નવા પ્રલોભન પણ જાહેર કરતા હતા. જેથી ઊંઝા શાખા દ્વારા ૪૭,૦૦,૧૧૫ રૂપિયા આબુપર્વતની મુખ્ય બ્રાંચમાં જમા કરાવેલ છે. સદર રકમનો ઉપયોગ પોતાની માલ મિલકતમાં વાપરી ગેરકાયદેસર લાભ મેળવેલ છે.

આમ ઉપરોક્ત ચારેય જણાઓએ એકસંપ થઈ એકબીજાની મીલી ભગતથી દરેક બ્રાંચોની રકમો હડપ કરી તેઓના પરિવાર અને સગાવ્હાલાઓના નામે જુદી જુદી સંપત્તિઓ ખરીદીને પોતાની બ્રાંચને લાંછન લાગે તેવુ કૃત્ય કરી ગરીબ ભોળી જનતાની રકમો હડપ કરી પરિવાર સાથે ભાગી ગયેલ છે.

વધુમાં જમા કરાવેલ રકમ કઈ જગ્યાએ રોકાણ કરેલ છે તે બાબતે અમો કશુ જાણતા નથી. મુખ્ય બ્રાંચ દ્વારા ખોટી લોનો પણ આપવામાં આવેલ છે. આમ ઉપરોક્ત ઈસમો રાજકીયવગ ધરાવતા હોઈ તેઓની ઉપર કાયદેસરની યોગ્ય કાર્યવાહી કરવા જણાવ્યું છે.

દરમિયાન ઉપરોક્ત બાબતે અર્બુદા ક્રેડિટ કો.ઓપ. સોસા.ની ઊંઝા શાખાના મેનેજરે ગત તા. ૧૧મી ફેબ્રુઆરીના રોજ ઊંઝા પોલીસ મથકે લેખિત ફરિયાદ આપેલ છે પરંતુ આજે ચાર દિવસ વિતી જવા છતાં પોલીસે ગુનો નહીં નોંધીને માત્ર અરજીના આધારે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળેલ છે. આ અગાઉ ઊંઝા શહેરમાં ખેતેશ્વર ક્રેડિટ સોસાયટી તેમજ શુભલક્ષ્મી ક્રેડિટ સોસાયટીના પણ કથિત ઉઠમણામાં કેટલાય ગરીબ માનવીઓના નાણાં ડૂબ્યા છે. તેમ છતાં હજી સુધી આ અંગે પણ કોઈ પોલીસ ફરીયાદો નોંધાયેલ નથી.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ કોગ્નીઝેબલ ગુનાની ફરિયાદો ત્વરિત પોલીસે દાખલ કરવી જોઈએ પરંતુ કોણ જાણે કેમ આવા ગંભીર પ્રકારના ગુનાઓની ફરિયાદો નોંધવામાં પોલીસતંત્ર અખાડા કરી રહ્યાનો આક્ષેપ થઈ રહ્યો છે.

છેલ્લા કેટલાક સમયથી ઊંઝા શહેરમાં પોલીસની કાર્યપદ્ધતિ સામે લોકોમાં શંકાકુશંકાઓ જાગી છે. ઊંઝા પોલીસ મથકની હદ વિસ્તારમાં મિલકત વિરૂદ્ધના તેમજ વાહનચોરીઓ અને શરીર સંબંધિત ગુનાઓનું પ્રમાણ દિનપ્રતિદિન વધતુ જાય છે. આ સાથે આ વિસ્તારમાં દારૂ જુગારના અડ્ડાઓ, કેફી પદાર્થનું વેચાણ તેમજ અન્ય સમાજ વિરોધી પ્રવૃત્તિઓ વ્યવસ્થિત રીતે ચાલી રહી હોવાનું ચર્ચાય છે. છેલ્લા એક વર્ષ દરમ્યાન સ્થાનિક પોલીસ મથકે નોંધાયેલ ગંભીર પ્રકારના ગુનાઓ પૈકી મોટા ભાગના ગુનાઓના ભેદ આજદિન સુધી વણઉકેલાયા રહ્યા છે.



## ભિલોડા કોંગ્રેસ દ્વારા નલિયા દુષ્કર્મ સામે દેખાવો

ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી ધ્વારા મામલતદાર જી.કે. પટેલને આવેદનપત્ર અપાયુ હતું. આ પ્રસંગે જીલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રભાઈ પારઘી, ભિલોડા-મેઘરજ ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, જીલ્લા પંચાયત સદસ્ય ચીમનભાઈ કટારા, મંજુલાબેન પાંડોર, ભિલોડા તાલુકા પંચાયત પ્રમુખ કુંદનબેન ડામોર, ઉપપ્રમુખ ટી.કે.પાંડોર, ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતી પ્રમુખ બલભદ્રસિંહ ચંપાવત, એન.ડી.પટેલ, શાંમળદાસ ભાંભી, ધાર્મિકભાઈ પટેલ, રાહુલસિંહ ભાટી, કૌશીકભાઈ દવે, રવીભાઈ પટેલ સહિત કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરોએ જણાવ્યું હતું કે કાયદો અને વ્યવસ્થાની કથળેલી સ્થિતી વચ્ચે અવાર-નવાર લુંટ, હત્યા, ચોરીઓ, મહિલાઓ ઉપરના અત્યાચારો, દલીતો ઉપરના અત્યાચારો દિન-પ્રતિ-દિન વધતાં નલીયા ગેંગરેપ પ્રકરણમાં દુષ્કર્મની પીડીતાને ન્યાય અપાવવા પ્રબળ માંગણી છે. ભાજપના મળતીયાઓએ ભારતમાં પ્રતિબંધિત ડ્રગ્સ વિદેશથી મંગાવ્યું હોવાનું બહાર આવતા તેની યોગ્ય ન્યાયિક તપાસ હાથ ધરવામાં આવે તેમ જણાવ્યું હતું. ભિલોડા તાલુકાના અંતરીયાળ ડુંગરાળ વિસ્તારોમાં સિંચાઈના પાણીની યોગ્ય વ્યવસ્થા રાજ્ય સરકાર ધ્વારા કરવામાં આવે તેવી માંગણી કરી હતી. વિવિધ પ્રાણ પ્રશ્નો અંગે સત્વરે યોગ્ય ન્યાય અને માંગણીઓ નહી સંતોષાય તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

### બાઇક પર પુનાની ૨૪ વર્ષીય યુવતીનું સાહસ

# ઈમરજન્સી સેવાઓ માટે દેશનો પ્રવાસ

## ઈમરજન્સી એમ્બ્યુલન્સને સાઈડ આપવાનો સંદેશ લોક જાગૃતિ માટે ૧૦ રાજયોનો કર્યો પ્રવાસ

ઈમરજન્સી સેવા ઓ ને સાઈડ આપી અને અકસ્માત નિવારવાના સંદેશ સાથે પુના થી બાઈક પર નીકળેલી યુવતી દસ હજાર કિલોમીટર નો પ્રવાસ કરી પાલનપુર સરકીટ હાઉસ ખાતે આવી પહોંચી હતી. એમ્બ્યુલન્સ અને ૧૦૮ જેવી ઈમરજન્સી સેવાઓ ને સાઈડ આપી અને દર્દી ની જિંદગી બચાવાના અભિયાન સાથે મૂળ મહેસાણા



જિલ્લાના રાજપુર ગામ ના વતની અને હાલ પુના માં સ્થાયી થયેલા ડાભી પરિવાર ની ૨૪ વર્ષીય પૂજા ડાભી કે જે ગ્રેજુએટ છે આજે ૨ વર્ષથી રેસિંગ નેશનલ ચેમ્પિયન છે જ્યારે આર્કિટેક્ચર અને ટ્રાવેલિંગ ટુરિઝમ નો અભ્યાસ પૂર્ણ કરનાર પૂજા અવાર નવાર એમ્બ્યુલન્સ અને ઈમરજન્સી સેવાઓ ને ટ્રાફિક મા ફસાતી જોઈ અને પૂજા ના માનસપટ પર આ ઘટના ઓ છવાઈ ગઈ હતી અને મનોમન નક્કી કરી અને ૩ જાન્યુઆરી એ પોતાની બાઈક સાથે ઈમરજન્સી ને સાઈડ આપવાના સંદેશ સાથે નીકળી અને ૧૦ રાજ્યો ના પ્રવાશ બાદ આજે પાલનપુર ની મહેમાન બનેલી આ શાહસી યુવતી એ વર્લ્ડ ટૂર કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી અને ઈમરજન્સી સેવાઓ ને સાઈડ આપવાના સંદેશ સાથે રાજસ્થાન તરફ પ્રયાણ કર્યું હતું.

# શામળાજી પાસેથી ૩૬ લાખના ચરસના જથ્થા સાથે ત્રણ ઝડપાયા

## નાર્કોટીક્સ એક્ટ અન્વયે શામળાજી પોલીસે ધોરણસરની વધુ તપાસ હાથ ધરી

મોડાસા, તા. ૧૪

અરવલ્લી જિલ્લામાં શામળાજી નજીક પીક-અપ ડાલુમાં ભરીને દિલ્હીથી ગુજરાતમાં ઘુસાડાતો રૂ. ૩૬ લાખનો ચરસનો જથ્થો નાર્કોટીક્સ વિભાગે ઝડપી પાડ્યો હતો, જ્યારે ત્રણેય આરોપીઓની અટકાયત કરી શામળાજી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગુજરાતની સરહદે અને અરવલ્લી જિલ્લામાં શામળાજી પાસેથી પડોશી રાજ્ય રાજસ્થાનમાંથી ગુજરાતમાં અવારનવાર વિદેશી દારૂ, નશીલા પદાર્થો અને કેફી દ્રવ્યો વિગેરે જુદા જુદા વાહનોમાં ભરીને અહીંથી પસાર થતા પોલીસ ઝડપી પાડે છે. ત્યારે ગઈકાલે સોમવારની રાત્રીએ નાર્કોટીક્સ વિભાગને મળેલ બાતમીને આધારે શામળાજી હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન રાજસ્થાન તરફથી આવતા પીક-અપ ડાલુને રોકી તેમાંથી તલાશી હાથ ધરી હતી જેમાં ડાલુમાં ડ્રાયવરની સીટ નીચે ખાસ બોક્સ બનાવેલ હતુ જેમાંથી ચરસનો ૬ કિલોનો જથ્થો ઝડપાયો હતો.

ઝડપાયેલા આ ચરસના જથ્થાની બજાર કિંમત પ્રતિ કિલોએ રૂ. ૬ લાખ પ્રમાણે રૂ. ૩૬ લાખનો જથ્થા સાથે ત્રણ આરોપીઓની અટકાયત કરી હતી જેમાં અમલમ સલીમ મહમ્મદ શકિરનોસમાવેશ થાય



મહમ્મદ સફી (રહે. બિજનોર, યુ.પી.), સકીલ અહેમદ અન્સારી (રહે. બિઝનોર) અને વોડદારાના છે. શામળાજી પોલીસે ચરસના જથ્થા સાથે ત્રણેય આરોપીઓને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ધાનેરાના લવારા ગામના દુષ્કર્મ કેસમાં ડીસાની નામદાર કોર્ટ દ્વારા આજીવન કેદની સજા

## સમાજમાં વધી રહેલા ગુન્હાઓ અટકે તે માટે સાત વર્ષની માસૂમને પીંખી નાખનાર ૪૦ વર્ષીય નરાધમને આજીવન કેદની સજા ફટકારતા કોર્ટ પરિસરમાં સન્નાટો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરા પોલીસ મથકે બે વર્ષ અગાઉ એક દુષ્કર્મ નો કેસ નોંધાયો હતો.જેમાં લવારા ગામમાં બીજા ધોરણ માં અભ્યાસ કરતી માસૂમ ને રાજુ શંભુભાઈ ઠાકોર નામનો પરણિત શખ્સ ઘરેથી ઉઠાવી ગયો હતો અને બાલમંદિર ની પાસે આવેલી જાડી માં લાઈ જઈ તેની મરજી વિરુદ્ધ પાશવી દુષ્કર્મ આચર્યું હતું.ત્યારે આ કિશોરી ની બુમો સાંભળી આજુબાજુમાંથી લોકો દોડી આવતા તે શખ્સ નાસી ગયો હતો.

જ્યારે બેભાન અવસ્થામાં પડેલી કિશોરી ને સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડી હતી.જે અંગેની ફરિયાદ ધાનેરા પોલીસ મથકે નોંધાતા પલ્લીસે આરોપી ને ઝડપી પાડી સળિયા પાછળ ધકેલી દીધો હતો .તેમજ ચાર્જશીટ બાદ ડીસા ની બીજી એડિશનલ શેશન કોર્ટ માં આ કેસ બોર્ડ પર ચાલી ગયો હતો જેમાં સરકારી વકીલ એન જે બ્રહ્મભટ્ટ ની દલીલો ,મેડિકલ એવીડન્સ ને ધ્યાને લઈ જજ એસ વી વ્યાસે સમાજમાં લોકોને કાયદાનો ડર રહે,ગુન્હાઓ અટકે તે માટે આરોપીને આજીવન કેદ ની સજા ફટકારી છે.આરોપીને



આજીવન કેદ ની સજા ફટકારતા કોર્ટ પરિસરમાં પણ સન્નાટો વ્યાપી ગયો હતો.

# મોડાસાના માલપુરમાં જમીનના મામલે હત્યાનો પ્રયાસ

મોડાસા, તા.૧૪

અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના લાલપુર ગામના મજીયારા પ્લોટ મામલે એક વૃદ્ધને ધારિયાના ઘા ઝીકી હત્યા કરવાની કોશિશ કરનાર શખ્સ વિરુદ્ધ પોલીસ ફલિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

મોડાલા તાલુકાના લાલપુર ગામે રહેતા રાહુલગીરી અમૃતગીરી ગોસ્વામીની તથા વિનોદગીરી લક્ષ્મણગીરી ગોસ્વામીના મજીયારા પ્લોટ બાબતે સામાન્ય બોલાચાલી પછી મામળો બિચક્યો હતો અને ઝઘડાએ ઉગ્ર સ્વરુપ ધારણ કરતાં બંને ઈસમો મારામારી પર આવી ગયા હતા.

દરમિયાન રાહુલના પિતા વિનોદભાઈને માતાના ભાગે ધારિયાના ઘા ઝીંખી ગંભીર રીતે ઘાયલ કર્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ અંગે મોડાસા રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૩૦૭, ૫૦૪, ૫૦૬ (૨) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ધાનેરા તાલુકાના રૂણી ગામની સગીરાનું અપહરણ કરી બળાત્કાર ગુજારતા ચકચાર

## ધાનેરા પોલીસે આરોપીને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલ્યો

સાત દિવસ અગાઉ ધાનેરા તાલુકા ના રૂણી ગામ થી એક સગીરા નું ગામનાજ યુવક ધ્વરા અપહરણ કરી વિવિધ જગ્યા ઉપર લઈ જઈ બળાત્કાર ગુજારતા સમગ્ર પંથક માં ચકચાર મચી જવા પામી છે તો બીજી તરફ ધાનેરા પોલીસે યુવતી ને અપહરણ કાર હાથ માંથી બચાવી આરોપીને જેલ ના સળિયા પાછળ ધકેલ્યો છે.



પોલીસ સૂત્રો જણાવ્યા અનુસાર ધાનેરા તાલુકા ના રૂણી ગામમાં રહેતા વિક્રમભાઈ પોપટભાઈ નાઈ જે રાત્રી ના સમયે ગામની એક સગીર યુવતી ને ધાકધમકી આપી અપહરણ કરી ઉપાડી ગયો હતો સમગ્ર ઘટના ની જાણ યુવતી ના પરિવાર ને થતા યુવતી ના પરિવારે શોધખોળ હાથ ધરી હતી તો બીજી તરફ ધાનેરા પોલીસે યુવક અને યુવતી ને ઝડપી ધાનેરા પોલીસ મથકે લાવ્યા હતા અને યુવતી ની ફરિયાદ ના આધારે યુવક ને જેલ ના સળિયા પાછળ ધકેલી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી હતી.



## અરવલ્લી જિલ્લામાં ૧૭મીએ પ્રવેશનારી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા

આયોજન બેઠક મોડાસામાં પ્રવેશ મહામંત્રી કે.સી. પટેલના અધ્યક્ષ સ્થાને મળી હતી. જિલ્લા પ્રભારી હર્ષદગીરી ગોસ્વામી, જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, પ્રદેશ કારોબારી કનુભાઈ પટેલ, સાંસદ ઉપરાત મહામંત્રી શામળભાઈ પટેલ કાર્યકરો અને પદાધિકારીઓ સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# મોડાસાના નવા દાવલી ખાતે એન.એસ.એસ. શિબિર

મોડાસા, તા.૧૪

મ.લા. ગાંધી ઉચ્ચત્તર કેળવણી મંડળ, મોડાસા સંચાલિત માતૃશ્રી એલ.જે. ગાંધી, બીસીએ કૉલેજ અને ઉત્તર ગુજરાત



યુનિવર્સિટી પાટણ દ્વારા રાષ્ટ્રીય સેવા યોજના (એનએસએસ) આયોજિત મોડાસા તાલુકાના નવા (દાવલી) ગામે સાત દિવસની યુવાજન જાગૃતિ શિબિર તાજેતરમાં યોજાઈ. આ શિબિરમાં ઉદ્ઘાટન ધી મ.લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ વી. શાહ, કૉલેજ કેળવણી મંડળ તેમજ બીસીએ કૉલેજના પ્રભારી મા. અરવિંદભાઈ જે. મોદી સી.જી. બુટાલા સર્વોદય હાઈસ્કૂલના આચાર્ય ડૉ. રાકેશભાઈ સી. મહેતા ગામના સરપંચ રાજેન્દ્રસિંહ પુવાર દૂધ મંડળીના ચેરમેન અરવિંદભાઈ પટેલની ઉપસ્થિતિમાં થયું. સાત દિવસ ચાલેલી આ શિબિરમાં સ્વચ્છતા અભિયાન, કાનૂની માર્ગદર્શન, પશુ સારવાર કેમ્પ, મહિલા સંમેલન, યોગ શિબિર ખેતી વિષયક માહિતી, સર્વરોગ નિદાન કેમ્પ, પ.પૂ. લાલજી મહારાજના સાનિધ્યમાં ભજન સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામજનોએ મોટી સંખ્યામાં દરેક કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક રસ દાખવ્યો હતો. રાત્રે ગ્રામજનોના સહકારના સહકારથી નવા પ્રા. શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું.

શિબિરાર્થીઓએ રાજેન્દ્રનગર સહયોગ કૃષ્ણરોગોના દર્દીઓની રૂબરૂની મુલાકાત લીધી હતી. સાથે સાથે ગ્રામજનોની મુલાકાત લઈ શૌચાલયો વિહોણા ગ્રામજનોની યાદી તૈયાર કરી હતી.

શિબિરના સમાપન કાર્યક્રમ કેળવણી મંડળના ઉપપ્રમુખ સુભાષભાઈ એમ. શાહ, પ્રભારીમંત્રી સુરેન્દ્રભાઈ જે. શાહ સરસ્વતી બાલમંદિર, મોડાસાના પ્રમુખ નિલેષભાઈ જોશી સર પી.ટી. સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ. કે. પી. પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરુઆતમાં બીસીએ કૉલેજના આચાર્ય ડૉ. ભદ્રેશભાઈ પટેલે મહેમાનોનું સ્વાગત કર્યું હતુ. તથા એન.એસ.એસ.ના કો - ઓર્ડિનેટર પ્રો. રાજેશ મકવાણા એ સમગ્ર કાર્યક્રમની માહિતી આપી ગ્રામજનોનો આભાર માન્યો હતો.

## સાબરકાંઠા નાયક સમાજ દ્વારા સમુહ યજ્ઞોપવિત સમારોહ યોજાયો

સાબરકાંઠા જીલ્લાના ઈડર પાસે આવેલ ગંભીરપુરા દેવ દરબાર રામેશ્વર આશ્રમમાં સાબરકાંઠા નાયક સમાજ સમુહલગ્ન સમિતી ધ્વારા સમુહ યજ્ઞોપવિત સંસ્કાર વિધિ સમારોહ યોજાયો હતો. ગાયત્રી પરીવાર રેવાસ અમૃતભાઈ પટેલ, મહંત ઓમાનંદજી સરસ્વતીએ આઠ બટુકોએ યજ્ઞોપવિત સંસ્કાર ધારણ કરાવ્યા હતા. ઈડર મહિલા કોલેજ પ્રિન્સિપાલ ડૉ.કરૂણાબેન ત્રિવેદી, ડૉ.દક્ષેશભાઈ પટેલ, રાજુભાઈ જોષી ઈડર સામાજીક કાર્યકર, ગીરીશભાઈ બ્રહ્મભટ્ટ પ્રમુખ વડાલી તાલુકા પ્રાથમીક શિક્ષક સંઘ, નાયક સમાજના સામાજીક આગેવાનો, સામાજના સામાજીક કાર્યકરોની ઉપસ્થિતીમાં આઠ બટુકોને કીટ આપી યજ્ઞોપવિત સંસ્કારવિધિ સમારોહ ધામધુમ પુર્વક યોજાયો હતો.

# અરવલ્લી જિલ્લામાં વેલેન્ટાઈન ડેની ઉલ્લાસભૂર્વક ઉજવણી

## પશ્ચિમી સંસ્કૃતિના પ્રેમપર્વની ભારતમાં પણ બોલબાલા

મોડાસા, તા.૧૪

અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લાઓમાં આજે ૧૪મી ફેબ્રુઆરીના રોજ યુવાધન દ્વારા વેલેન્ટાઈન ડે નિમિત્તે દિવસભર એકબીજાને અરસપરસ પ્રેમ સોગાદોની આપલે કરી પોતાની પ્રેમની અભિવ્યક્તિ કરી પશ્ચિમી સંસ્કૃતિના આ પ્રેમ પર્વને ઉજવાયો હતો.



મૂળ પશ્ચિમી સંસ્કૃતિનો અને છેલ્લા કેટલાય વર્ષોથી ભારતમાં પ્રચલિત થયેલ વેલેન્ટાઈન ડે એટલે પ્રેમ પર્વની ઉજવણી ભારતમાં સહુકોઈ ઉમંગભેર ઉજવણી કરશે. પોતાના સાથી મિત્રને કોઈ ભેટ સોગાદ આપી પોતાની પ્રેમની અભિવ્યક્તિ કરવાનો આ પર્વ ઉજવવા માટે ખાસ કરીને યુવાધનના હૈયા હિલોળા લેતા હોય છે.

બજારોમાં ગિફ્ટ - આર્ટીકલ સ્ટોર્સમાં મળતાં ટેડીબીયર, લવહાર્ટ, શો-પીસ, વોલપીસ, વોચ, લવબેન્ડ અને અન્ય ગિફ્ટ આર્ટિકલ્સની ખરીદી માટે પાછલા બે દિવસતી ગ્રાહકોનો ઘસારો પણ જોવા મળી રહ્યો હતો. આમ, બંને જિલ્લાઓમાં એને સમગ્ર ભારતમાં વેલેન્ટાઈન ડેની ઉજવણી ઉમંગભેર કરવામાં આવે છે.